# ચિલોડા-સાદરા માર્ગ પર અકસ્માતમાં સેક્ટર-૪ના યુવાનનું કરુણ મોત

## બે મિત્રો બાઇક લઇને જમવા જઇ રહ્યા હતા ત્યારે ઝાખોરા પાસે અજાણ્યા કારચાલકે અડફેટે લીધા હતા

ગાંધીનગર, તા. ૭

ચિલોડા-સાદરા માર્ગ પર ઝાખોરા પાસે ગઈ કાલે સાંજે અજાણ્યા કાર ચાલકે બાઈકને ટક્કર મારતા ગાંધીનગર શહેરમાં રહેતા બે યુવાનોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ પૈકી સેક્ટર-૪ માં રહેતા યુવાનનું ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજયું હતું. જયારે તેના સાથીમિત્રને હાલ તબીબી સારવાર આપવામાં આવી રહી છે. ચિલોડા પોલીસે આ બનાવ અંગે અજાણ્યા સેન્ટ્રો કાર ચાલક સામે ગુનો દાખલ કરીને આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સે-૪ ખાતે રહેતો ૨૬ વર્ષીય યુવાન એલેક્સ બેન્ઝામિન મેકવાન તથા સે-૧૭ માં ફાયરબ્રિગેડ ક્વાટર્સમાં રહેતો તેનો મિત્ર ચેતન બળવંતસિંહ જાદવ બંને મિત્રો ગઈ કાલે સાંજના અરસામાં ગાંધીનગરથી જમવા માટે સાદરા ખાતે જઈ રહ્યા હતા. બાઈક લઈને તે બંને મિત્રો ચિલોડા-સાદરા હાઈવે પર સ્થિત ઝાખોરા પાસે પહોંચ્યા ત્યાં બેફામ ગતિએ નીકળેલી એક સેન્ટ્રો કરે તેમના બાઈકને અડફેટે લઇ લીધું હતું. બાઈક સાથે બંને મિત્રો ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. તો બીજી તરફ કારચાલક અકસ્માત બાદ પળવારમાં કાર સાથે ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા બંને યુવાન મિત્રોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં એલેક્સ નામના યુવાનનું મૃત્યુ નીપજયું હોવાનું જાણવા મળ્યું છે. ચિલોડા પોલીસે અજાણ્યા સેન્ટ્રો કારના ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ શરુ કરી છે.




સાબરમતીના કિનારે આવેલ ઈન્દ્રોડા ગામે રાજરાજેશ્વરી સિદ્ધ પીઠ ઈન્દ્રાણી માતાજીની તક્તીની અનાવરણવિધિને મેયર મહેન્દ્રસિંહ રાણાના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે ઈન્દ્રાણી પીઠાધિશ્વર રામશરણદાસજી (મૌનિબાપુ) ઉપસ્થિત રહ્યા હતા.

# સેક્ટર-૮ના બંધ મકાનમાં હાથફેરો કરનાર ઘરફોડીયો ઝડપાયો

## ત્રણેક દિવસ અગાઉ બારીની ગ્રીલ તોડીને તેના મિત્ર સાથે મળી ઘરફોડ કરી હતી : ચોરેલો માલ ખ-૦ ઝાડીઓમાં સંતાડ્યો હતો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના સે.૮ ના બંધ મકાનમાં વીસેક દિવસ પહેલા તસ્કરો ત્રાટક્યા હતા. બારીની ગ્રીલ તોડીને ઘુસેલા શખ્સો મકાનમાંથી સ્ટીલના નળ, દરવાજાની સ્ટોપર સહિતનો માલ ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.આ ચોરીમાં ગયેલા મુદ્દામાલને વેચવા નીકળેલા એક શખ્સને ગાંધીનગર એલ.સી.બી ની ટીમે ઝડપી પાડ્યો છે. તેણે અગાઉ ક્યાંય હાથફેરો કર્યો છે કે કેમ તે અંગે પોલીસે પૂછપરછ શરુ કરી છે. આ શખ્સે જેની સાથે મળીને ઘરફોડ કરી હતી તેની ધરપકડ માટે પણ તજવીજ શરુ કરવામાં આવી છે.

સેક્ટર-૮ સ્થિત પ્લોટ નં.૩૨૪ ખાતેના બંધ મકાનમાં ત્રણ દિવસ અગાઉ ઘરફોડ ચોરી થવા પામી હતી. બંધ મકાનની બારીની ગ્રીલ તોડીને મકાનમાંથી સ્ટીલના નળ, દરવાજાના હેન્ડલ, સ્ટોપર સહિતનો રૂ.૧૮ હજારનો મુદ્દામાલ ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. દરમિયાન આજે ગાંધીનગર એલસીબી પી.આઈ આશુતોષ પરમારની સુચનાથી પીએસઆઈ એચ.કે.સોલંકી તથા તેમની ટીમ પેટ્રોલીગમાં હતી. ત્યારે સે-૮ માં થયેલી ઘરફોડનો માલ ઘરફોડીયો વેચવા નીકળ્યો હોવાની બાતમી મળતા ટીમ ખ-૩ સર્કલ પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. ચોરીના મુદ્દામાલ સાથે ચાંદલોડિયા વિસ્તારના જગદીશ ઉર્ફે લંગડો ભાનું દંતાણી પકડાઈ ગયો હતો. આ મુદ્દામાલ તેને ત્રણ દિવસથી ખ-૦ ની ઝાડીઓમાં સંતાડી રાખ્યો હતો. ગાંધીનગર એલ.સી.બી એ મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડીને ડી પૂછપરછ કરતા તેનો સાગરીત ભગા છોટુ દંતાણી પણ ઘરફોડમાં સાથે હોવાનું ખુલતા તેની તપાસ શરુ કરી છે.

# વરુણદેવને રીઝવવા ડભોડામાં ભવ્ય પર્જન્ય યજ્ઞ કરાયો

## ભૂદેવોએ ત્રણ-ચાર કલાક પાણી ભરેલા તપેલામાં બેસીને ૧૦૦૮ લીલા વાંસના ટુકડાની શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે આહુતિ આપી

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના યાત્રાધામ ડભોડા ખાતે વરુણદેવને રીઝવવા મહાદેવના મંદિરે ભવ્ય પર્જન્ય યજ્ઞ યોજવામાં આવ્યો હતો.

આ યજ્ઞ ડભોડાના સુપ્રસિદ્ધ શ્રી ડભોડીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત કરાયો હતો. જેમાં યજ્ઞવિધિ કરવાના ભૂદેવોએ મોટા પાણી ભરેલા પાત્રોમાં ૩ થી ૪ કલાક બેસીને યજ્ઞમાં આહુતિ આપી હતી અને મહાદેવજીને વરસાદ લાવવા રીઝવવા પ્રયત્નો કરાયા હતા.

આ વર્ષે જુલાઈ માસનું પહેલુ અઠવાડીયું આખુ વીતી જવા છતાં મેઘરાજાએ મહેર કરી ન હોવાથી અત્ર-તત્ર સર્વત્ર ચિંતાનો માહોલ સર્જાયો છે. ઠેર ઠેર ધરતીપુત્રો, માલધારીઓ અને અન્ય નાગરિકો દ્વારા રામધૂન, ભજનકિર્તન, મેહુલિયો-ઢૂંઢિયાબાપજી, પ્રાર્થનાસભાઓ અને યજ્ઞો દ્વારા મેઘરાજાને મનાવવા કોશીષો કરાઈ રહી છે.

માનવી કરતા પણ વધુ ત્રસ્ત અબોલ જીવો પશુ-પંખીઓ થઈ રહ્યા છે. તેમજ પાણી અને ખેતીની તાતી જરૂરિયાત ઉભી થવા પામી છે. ડભોડા ખાતે સત્વરે વરસાદી વધામણા થાય તે માટે પર્જન્ય યજ્ઞ યોજવામાં આવ્યો હતો.

જેમાં મુખ્ય આચાર્ય રાકેશભાઈ મહેતા અને સહયોગી ભૂદેવોએ ત્રણ-ચાર કલાક પાણી ભરેલા તપેલાઓમાં બેસીને મંત્રોચ્ચાર સાથે ૧૦૦૮ લીલા વાંસના ટુકડાઓની આહુતિ આપી હતી. આ ઉપરાંત શિવલીંગને પાણીમાં ડુબાડીને વરસાદ લાવવા મહાદેવજીને રીઝવવા પ્રયત્નો હાથ ધરાયા હતા. આ માટે ગામની કુમારિકાઓ દ્વારા જલ અર્પણ કરાયા હતા.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

### ધી વસુધા ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટીની ૨૭મીએ વાર્ષિક સભા

ગાંધીનગર, તા.૭

શ્રી વસુધા ક્રેડીટ એન્ડ સપ્લાય કો. ઓ.સો.લી. ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તથા તેજસ્વી તારલા સન્માન સમારંભ તા. ૨૭મી જુલાઈ રવિવારે બપોરે એક વાગે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ સેકટર-૧૭માં મળશે. સભાસદોના તેજસ્વી તારલાઓના સન્માન માટેના ફોર્મ સંસ્થાના કાર્યાલયમાંથી મેળવી તા. ૧૫મી જુલાઈ સુધીમાં જમા કરાવવા જણાવેલ છે.




તાજેતરમાં રોટરી કલબ ઓફ ગાંધીનગરનો વર્ષ ૨૦૧૪-૧૫ માટેના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. દીપ પ્રગટાવી કાર્યક્રમને શરુ કરવામાં આવ્યો હતો. મંત્રી ભૂપેન્દ્રસિંહ, મેયર મહેન્દ્રસિંહ, રોટેરીયન લલીત શર્મા તસવીરમાં દશ્યમાન થાય છે. શપથવિધિ સમારોહમાં પ્રેસીડેન્ટ તરીકે દિલીપ પટેલ, સેક્રેટરી તરીકે રાકેશ પારેખ સહિતના સભ્યોએ શપથ લીધા હતા.

### આજે વાવોલમાં સુંદરકાંડ પાઠ

ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ વાવોલમાં આવેલ હરિનગર સોસાયટી કોમન ચોકમાંઆજેરાત્રે ૮-૦૦વાગે કરવામાં આવશે. અંજલિ પુત્ર હનુમાનજીની આરાધના કરવા ભકતજનોને હાર્દિક નિમંત્રણ આપવામાં આવ્યું છે.

### આજે સે-૨૬ કિસાનનગરમાં સુંદરકાંડ પાઠ

સંતશ્રી તુલસીદાસજી રચિત શ્રી રામચરિત માનસના પંચમ સોપાન શ્રી સુંદરકાંડના કથા પાઠ કાન્તિભાઈ 'યોગી'ની વ્યાસપીઠે આજ તા. ૮-૭-૧૪ મંગળવારે રાત્રે ૮.૩૦ વાગે કિસાનનગર, સેકટર-૨૬, પ્લોટ નં. ૧૧૪/૧ ખાતે દશરથસિંહ ચાવડાના યજમાનપદે યોજાનાર છે. સર્વે ભાવિક ભક્તોને પધારવા યજમાનશ્રી તથા સુંદરકાંડ પરિવાર તરફથી જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# બીએસએનએલ દ્વારા કરાયેલ ઉજી ઈન્ટરનેટ ડેટા ચાર્જીસમાં વધારો અસહ્ય બન્યો

## અન્ય કંપનીઓ હજુ પણ ૨જીનો વિકલ્પ આપે છે પરંતુ સરકારી કંપની હોવા છતાં બીએસએનએલે આ સેવા બંધ કરી દીધી છે : રાજય સરકારના ઠેર ઠેર વાઈફાઈ ઝોનના સપના પણ ઠગારા નિવડતા જણાય છે

ગાંધીનગર, તા.૭

કેન્દ્ર સરકારની કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ એટલે કે બીએસએનએલ દ્વારા ઈન્ટરનેટ ડેટા ચાર્જીસના ભાવમાં વધારો કરી દેવાતા અનેક ગ્રાહકોને મોંઘવારીનો વધુ એક ફટકો પડયો છે. આજના યુગમાં જયાં સ્માર્ટ ફોન હવે લકઝરી મટી જરૂરિયાત બની ગયા છે અને ઈન્ટરનેટ યુગમાં જયાં સરકારી નોકરીની ભરતીથી લઈને પાસપોર્ટ સુધીના દરેક કાર્યો ઓનલાઈન થવા માંડયા છે ત્યારે બીએસએનએલ દ્વારા ઉજી ડેટા રિચાર્જના ભાવમાં વધારો કરી દેવાતાં વપરાશકર્તાઓમાં આક્રોશ ફેલાયો છે.

અગાઉ બીએસએનએલ દ્વારા ૨જી ઈન્ટરનેટ સેવાઓ આપવામાં આવી હતી તે પણ અચાનક બંધ કરી દેવાઈ હતી. જયારે ૨જી સેવા બંધ કરાઈ ત્યારે એક જીબી ડેટા રિચાર્જના એક મહિના માટે માત્ર રૂ. ૯૮ લેવાતા હતા પરંતુ એકાએક આ સેવા બંધ કરીને ઉજી ડેટા રિચાર્જના ૧ જીબીના એક મહિના માટેના રૂપિયા ૧૩૮ કરી દેવાયા હતા. અન્ય કંપનીઓ હાલમાં પણ ૨જી અને ઉજી બંને સેવાઓનો વિકલ્પ આપે છે જેથી જે લોકોને સ્માર્ટ ફોન વગર માત્ર ઈન્ટરનેટ વાપરવું હોય તેમને માટે ૨જી સેવા પોસાતી હોય છે પરંતુ બીએસએનએલ પાસે બહોળા પ્રમાણમાં વપરાશકર્તા હોવા છતાં એકાએક ૨જી સેવા બંધ કરી દેવાઈ હતી જેથી ગ્રાહકોના ખિસ્સા પર ભારણ વધી ગયું હતું. હવે ઉજી સેવા પણ જે ૧જીબી રિચાર્જના ૩૦ દિવસ માટે ૧૩૮ રૂપિયાનો ચાર્જ લેવાતો હતો તેના વેલેડીટીના દિવસો ઘટાડી દેવાયા છે અને પુરા ત્રીસ દિવસ માટે ૧ જીબી ડેટા રિચાર્જના હવે રૂપિયા ૧૫૫ વસુલવામાં આવી રહ્યા છે.

બીએસએનએલ દ્વારા અન્ય ઉજી રિચાર્જ કુપનોમાં પણ આજ રીતે ચાર્જીસમાં વધારો કરી દેવાયો છે આથી સૌથી મોટો ગ્રાહક વર્ગ ધરાવતી આ કંપનીના ઈન્ટરનેટ વપરાશ કર્તાઓમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે. એક સરકારી કંપની હોવા છતાં બીએસએનએલે સામાન્ય માણસોના ખિસ્સા પર વધુ આર્થિક બોજો લાદી અસહ્ય મોંઘવારીમાં વધુ એક ફટકો માર્યો છે. પરંતુ ઈન્ટરનેટ હવે એક જરૂરિયાત બની જતા લોકો મુંગા મોઢે આ બોજાને પણ સહન કરી રહ્યા છે. રાજય સરકાર દ્વારા ઠેર ઠેર વાઈફાઈ ઝોનની વાતો પણ માત્ર હવામાં જણાતા સામાન્ય વપરાશકાર નિરાશા અનુભવી રહ્યો છે.

### વર્ગ-૪ કર્મચારી મંડળે મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૭

ધી ગુજરાત સચિવાલય સ્ટાફ ચોથા વર્ગ કર્મચારી એસોસીએશનના પ્રમુખ રતુજી ઠાકોરે એક અખબારી યાદીમાં જણાવે છે કે, સરકારશ્રીના નાણાં વિભાગના તા. ૭-૭-૧૪ ના ઠરાવથી ચોથા વર્ગના કર્મચારીઓને હિસાબી વર્ષ માટે ૩૦ દિવસના વેતન જેટલું એડહોક ધોરણે બોનસ ચુકવવાનો નિર્ણય કરેલ છે. સરકારશ્રીના બોનસ આપવાના આ નિર્ણયથી વર્ગ-૪ના નાના કર્મચારીઓએ સહર્ષ સ્વિકારીને આનંદની લાગણી અનુભવે છે. અને મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને નાણાં મંત્રીશ્રી સૌરભભાઈ પટેલનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે.



### પોષણ સપ્તાહના ભાગરૂપે વાનગી સ્પર્ધા

સરકારના ગતિશીલ-૧૦૦ દિવસ કાર્યક્રમ અંતર્ગત પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા વાનગી હરિફાઈ સ્પર્ધા યોજવામાં આવી હતી. પેથાપુર નગરપાલિકા પ્રમુખ સિતાબેનના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં ગામની સગર્ભા બહેનો, ધાત્રી બહેનો કિશોરીઓ અને મહિલાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં મુખ્ય અધિકારી, મેડીકલ ઓફીસર, પ્રોગ્રામ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૨
સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
બોબી જાસૂસ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
એક વિલન : ૧૨.૩૦, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ટ્રાન્સફોર્મર (૩ડી) (અંગ્રેજી) ૩.૧૫, ૬.૩૦
સ્ક્રીન-૪ :
ઑટોનગર સૂર્યા (તેલુગુ) : ૧૦.૦૦
હોલીડે : ૬.૪૫
બોબી જાસૂસ : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
લેકર હમ દીવાના દિલ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૫૦, ૭.૧૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૮.૧૫, ૧૧.૩૦, ૯.૨૦
હમશકલ : ૨.૫૦
હોલીડે : ૬.૦૦
: સ્ક્રીન-૩ :
એક વિલન : ૮.૪૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
એક વિલને : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બોબી જાસૂસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
લેકર હમ દિવાના દિલ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
એક વિલન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ સંકલ્પથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરનો યોગ. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. મહેશભાઈ મણીલાલ પટેલ (ઉ.વ. ૪૦) પ્લોટ નં. ૨૭૯/૧, સેક્ટર-૨૫, ગાંધીનગર
- સ્વ. દેસાઈ સમુબેન નાગજીભાઈ (ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૨૭૯/૧, સેક્ટર-૨૫, ગાંધીનગર